


(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે સરદાર પટેલની જન્મ જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા પોલિસ દ્વારા મોડાસાની કે.એન. શાહ સ્કુલના મેદાનમાં યોજાયેલ આ ઉજવણીમાં મહિલા સશકિતકરણ અને એકતા દિવસ અંગેના કાર્યક્રમો રજૂ કરાયા હતાં. આ ઉજવણીમાં યોજાયેલ પરેડ માર્ચ પાસ્ટનું જિલ્લા પોલિસ વડા મયુરસિંહ ચાવડાની દેખરેખ હેઠળ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં યોજાયેલ રેલીમાં જિલ્લા પોલીસ, મહિલા પોલિસ, હોમગાર્ડસ, ટીઆરપી, એસઆરપીના જવાનો પોલીસ બેન્ડ સાથે જોડાયા હતા. આ રેલીને જિલ્લા કલેકટર બી.જે. ભટ્ટ દ્વારા લીલી ઝંડી બતાવવામાં આવી હતી. આ રેલી મહિલા સશકિતરણ અને એકતા દિવસ અંગેના સંદેશા સાથે મોડાસાના મુખ્ય માર્ગો પર ફરી હતી જેમાં ટાઉન પી.આઈ. કે.જે. ચૌધરી અને એલસીબી પી.આઈ. પી.કે. પટેલ જોડાયા હતા.

# ટ્રાફિક નિયમનના ભંગ બદલ ચાર વાહનો ડીટેઈન કરાયા

## આગામી તા. ૬ થી ૨૦ નવેમ્બર દરમિયાન વિશેષ ઝુંબેશ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૧

શહેરમાં ટ્રાફિક નિયમનનો ભંગ કરી કાળી ફિલ્મ તેમજ ખોટું લખાણ કરાવીને ફરતા વાહનો પર ટ્રાફિક પોલીસ તેમજ આર.ટી.ઓ. તંત્રએ તવાઈ બોલાવી છે. આજે તંત્ર દ્વારા આવા ચાર વાહનો ડીટેઈન કરી દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જયારે આગામી તા. ૬ થી ૨૦ નવેમ્બર દરમિયાન આ મામલે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

શહેરમાં ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે વાહનચાલકો બેફામ બન્યા છે. ગતિ નિયંત્રણની વાત વિસરાતા બેફામ જતા વાહનચાલકો ડગલે ને પગલે ટ્રાફિકને લગતા નિયમોનું ઉલ્લંઘન કરતા હોવાનો આક્રોશ ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે માર્ગસલામતી જોખમાઈ રહી છે. આવા સંજોગોમાં નિયમનને અસરકારક બનાવવા આર.ટી.ઓ તેમજ ટ્રાફિક પોલીસ દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરવાનો પણ નિર્ણય લેવાયો છે. આજે પણ વાહનો પર ખોટું લખાણ તેમજ કાચ પર કાળી ફિલ્મ હોય તેવા કિસ્સામાં ચાર વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. ડીટેઈન વાહનો બદલ દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દિવસોમાં ટ્રાફિક નિયમનને અનુલક્ષી વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. ૬ થી ૨૦ નવેમ્બર દરમિયાન આર.ટી.ઓ.-ટ્રાફિક પોલીસ સંયુકત રીતે વિશેષ ઝુંબેશ હાથ ધરશે. જેમાં નંબર પ્લેટ, ડાર્ક ફીલ્મ, વાહનો પર બિનજરુરી ખોટું લખાણ સહીત ટ્રાફિકના નિયમોના ભંગ બદલ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## નગરમાં તાજીયાના ઝુલુશ નિકળશે

ગાંધીનગર શહેરમાં હજરત ઈમામ હુસેન (ર.વા.હો.)ની શહાદતની યાદમાં કતલની રાત્રે (તા. ૩-૧૧-૨૦૧૪)ના રોજ સેકટર-૨૯, સેકટર-૨૪ અને સેકટર-૨૮ (ચરેડી)ના તાજીયા ઈશાની નમાઝ બાદ રાત્રે ૧૦.૩૦ કલાકે અલગ અલગ વિસ્તારમાં ફેરવવામાં આવશે. સે-૨૮ (ચરેડી)ના તાજીયા સેકટર-૨૯ (હુસેની ચોક)માં આવશે. ત્યાર બાદ સે-૨૯ અને સે-૨૮ના તાજીયા અમન ચોક (સે-૨૯)સુધી ફેરવવામાં આવશે. સે-૨૪ના તાજીયા ચંદ્ર ફોટો સ્ટુડીયો, આર્યસમાજ, ઈન્કવાયરી ઓફીસ વિસ્તારમાં ફરશે.

# સ્કુટી ચાલકને બચાવવા જતાં સ્વીફ્ટ ગાડી પલ્ટી મારી ગઈ

## ગાંધીનગર-કોબા માર્ગ પર સડસડાટ જતી સ્વીફ્ટ ફંગોળાઈને ઊંધા માથે થઈ ગઈ : કોઈ જાનહાનિ નહી



ગાંધીનગર, તા.૧

ગાંધીનગરથી અમદાવાદ તરફ જઈ રહેલી સ્વીફ્ટ ડિઝાયર કાર રાયસણ નજીક પહોંચી ત્યાં રસ્તામાં વચ્ચે એક સ્કુટી ચાલક આડે આવતા તેને બચાવવા સ્વીફ્ટ ચાલકે કારનું સ્ટીયરીંગ ફેરવી નાંખ્યું હતું. સ્વીફ્ટની ગતિ પુરપાટ હતી જેને લઈ ગાડી ફંગોળાઈને રેલીંગમાં ઘુસી જઈ અમદાવાદથી ગાંધીનગર તરફ જતા માર્ગ પર ચઢી ગઈ હતી અને ગાંડી ઉંધે માથે થઈ ગઈ હતી સદભાગ્યે ગાડીમાં સવાર ત્રણ વ્યકિતઓ પૈકી એકેયને ગંભીર ઈજાઓ કે જાનહાનિ થઈ નથી. ઈજાગ્રસ્તને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી.



બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ખાતે તાજેતરમાં મુંબઈથી પધારેલ ધર્મગરૂ પીર ખલીફાઓનું સિલસિલા એકાદરી ટ્રસ્ટ અને મુસ્લીમ સમાજ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં હજરત ખ્વાજા મહંમદ અબ્દુલ રહેમાન શાહ કાદરી હજરત શાહજહા શેખ મહંમદ અબ્દુલ રહુફશેખ સહિતના અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : ભરત પરમાર)

# માધવપુર રામોસણાના મેલડી માતાજી શકિતપીઠના બારમા પાટોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૧

મહેસાણા તાલુકાના રામોસણા ખાતે આવેલ માધવનગર ખાતે મેલડી માતાજી શકિતપીઠનો બારમો પાટોત્સવ તા. ૩જી નવેમ્બરથી તા. ૫મી નવેમ્બર દરમિયાન યોજવામાં આવ્યો છે. આ પાટોત્સવ દરમિયાન વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ પાટોત્સવમાં તા. ૩જી નવેમ્બર સોમવારે સવારે ૧૦.૩૦ કલાકે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આ દિવસે સવારે ૯ થી સાંજના ૬ વાગ્યા સુધી અમદાવાદના નરેશ પંચાલ ગૃપ દ્વારા આનંદના ગરબાનું પણ આયોજન કરાયું છે. રાત્રે ૮.૩૦ વાગે નાટક 'હસતાં રહે, ગમતાં રહો' રજુ કરવામાં આવનાર છે. જેમાં જૈમિની ત્રિવેદી, કામિની પંચાલ, કિરીટ પંડયા, હિરવ ત્રિવેદી, કૃણાલ ભટ્ટ અને સુનિલ વાઘેલા જેવા જાણીતા કલાકારો ભાગ લેવાના છે. તા. ૪થી નવેમ્બર મંગળવારે સુપ્રસિધ્ધ હાસ્ય કલાકાર સાંઈરામ દવેનો હાસ્ય દરબાર રાત્રે ૯ વાગે યોજાશે. આ પહેલા સવારે ૯.૩૦ વાગે વડીલ વંદના અને ધો-૫ના વિદ્યાર્થીઓને પ્રોત્સાહનો કાર્યક્રમ યોજાશે. હાસ્ય દરબારના કાર્યક્રમ દરમિયાન ઊંઝાના જહુ માતાજીના મંદિરે રોટલા ઘરમાં સેવા આપતી બહેનોને સન્માનવામાં આવનાર છે.

તા. ૫મી નવેમ્બર બુધવારે સવારે ૯.૧૫ થી નવચંડી મહાયજ્ઞ યોજાશે જેની પુર્ણાહુતિ સાંજે ૪.૩૦ વાગે થશે. આ દિવસે રાત્રે ૯ વાગે ભવ્ય રાસ ગરબા મહોત્સવ યોજાશે. જેમાં ઉમેશ બારોટ, નિશા બારોટ, પ્રવિણ સોલંકી અને કિંજલ દવે રાસ ગરબા રજુ કરશે.

## ઓપીડી સંકુલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુવિધા છે. ગાંધીનગર મેડીકલ કોલેજને ચોથા વર્ષના અભ્યાસક્રમની મંજુરી માટે ૪૫૦ પથારીની સુવિધા જરુરી છે. અર્થાત આગામી બે સપ્તાહમાં જ વધુ ૧૫૦ પથારીની સુવિધાઓ ઉપલબ્ધ કરી દેવામાં આવશે. આ માટેના જરુરી આદેશો અને મંજુરી વહવટીય રીતે આપી દેવામાં આવી છે.

આ માટે આરોગ્ય કમિશનરશ્રીની કચેરીએથી પણ સીધું મોનીટરીંગ કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે. તાજેતરમાં આરોગ્ય કમિશનરશ્રી પણ ગાંધીનગર સિવીલ હોસ્પિટલની મુલાકાતે આવી ગયા છે.

મળતી વિગતો પ્રમાણે નવા આધુનિકરણની સાથે સાથે ગાંધીનગર સિવીલ હોસ્પિટલની ઓ.પી.ડી.માં લાઈનો જ લાગે છે તે આગામી દિવસોમાં જોવા મળશે નહિ. લાઈનલેસ ઓ.પી.ડી. બને તે માટે જિલ્લા કલેકટરશ્રીએ પણ તેમની મુલાકાત દરમિયાન સૂચવ્યું હતું. આ પછી હોસ્પિટલ સત્તાવાળાઓએ સંકુલના આધુનિકરણની આખી બ્લ્યુ પ્રિન્ટ તેમને આપી હતી. ગાંધીનગર સિવીલ હોસ્પિટલ માર્ચ ૨૦૧૫માં તેના પોતીકા નવા મકાનમાં કાર્યરત થઈ જાય તે રીતે આખી કાર્ય યોજના તૈયાર કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## ઓથોરીટીની રચના.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આક્ષેપ અરજીઓ બાબતમાં રાજ્ય તંત્રમાં અને કેન્દ્ર સરકાર કક્ષાએ તપાસ સંબંધી યોગ્ય કાર્યવાહી કરવા માટે ઘણી બધી વ્યવસ્થાઓ અમલમાં છે. જેમ કે - ગૃહ વિભાગ, રાજ્યના પોલીસ મહારનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, માનવ અધિકાર આયોગ, અલ્પ સંખ્યક આયોગ, અનુસૂચિત જાતિ અને વખતોવખત કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવતા આયોગ દ્વારા તેમને મળતી ફરિયાદ અરજીઓ ઉપર યોગ્ય તે કાર્યવાહી કરાતી હોય છે. આમ છતાં ઉપરની સંસ્થાઓના કાર્યક્ષેત્ર કે ક્ષેત્રાધિકારમાં આવતી ન હોય કે આવરી લઈ શકાય તેવી ન હોય તેવી પોલીસ તંત્રના ડીવાયએસપી કે તેનાથી ઉપરના અધિકારીઓ વિરૂદ્ધની ગંભીર ગેરવર્તણૂંકવાળી, ફરજ પ્રત્યે બેદરકારી કે નિષ્કાળજી દર્શાવતી, સત્તાનો દુરૂપયોગ જેવી ફરીયાદ કે આક્ષેપ અરજીઓ સીધી જ રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં રચવામાં આવેલી સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટસ ઓથોરીટીને કરી શકાશે તેમ સંયુક્ત સચિવ, સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન્ટસ ઓથોરીટી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## અમદાવાદ દાણીલીમડામાં હિટ એન્ડ રન : એકનું મોત

શહેરમાં હિટ એન્ડ રન અને તેનાથી થતાં મોતની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. શનિવારે સવારે દાણીલીમડા ચાર રસ્તા પર સર્જાયેલા હિટ એન્ડ રનમાં એક યુવકે જીવ ગુમાવ્યો હતો. જેમાં એક ડમ્પર ચાલક સ્કુટરચાલકને ટક્કર મારીને ભાગી ગયો હતો. જો કે આ અકસ્માતમાં બાઈક ચાલકનું મોત નીપજ્યું છે. દાણીલીમડા ચાર રસ્તા નજીક બનેલા આ બનાવમાં પાલડીમાં રહેતા અને ખાનગી ફોટોગ્રાફીનું કામ કરતાં ૩૦ વર્ષના ભાસ્કર સોનેજી પોતાના સ્કુટર પર અંજલી સર્કલથી મણીનગર તરફ જઈ રહ્યા હતા ત્યારે એમએમસીના ડમ્પરની અડફેટે તેઓ ફસડાઈ પડ્યા હતા.

## શબ્દાવલી - ૫૫૪૭



### આડી ચાવી

૧. તેજ, પ્રકાશ (૩)
૪. કવિતા રચનાર સ્ત્રી (૪)
૭. બિહામણુ, ભયજનક (૪)
૮. એક શાક, ચીભડુ (૩)
૯. રક્ષા કરવી, રખવાળુ (૪)
૧૦. મડદાને ઓઢાડાતું વસ્ત્ર, કફન (૩)
૧૧. પાકી ગયેલ, વૃદ્ધ (૩)
૧૩. ગેડ, કરચલી (૨)
૧૫. નાક વિનાનું (૩)
૧૬. આશ્ચર્ય (૪)
૧૭. વેપાર-ધંધો (૩)
૧૮. સ્મશાન (૩)
૧૯. દોરાની કોકડી, ફિલમની પટ્ટી (૨)

### ઊભી ચાવી

૧. તૃપ્ત થયાનો મોં થી થતો અવાજ (૪)
૨. સ્હેજ, થોડું (૩)
૩. એક પક્ષી (૩)
૫. વહેંચણી કરવી તે (૪)
૬. ત્રણ ખુણાવાળું (૩)
૯. ... ત્યાં જંપ (કહેવત) (૨)
૧૦. પાટ, હિંચકો (૨)
૧૧. પાકું (ઘીમાં પકવેલ ગુંદર વગેરે) (૨)
૧૨. કડવા બોલ (૪)
૧૩. સરકારને લગતુ (૪)
૧૪. 'જળ' શબ્દ ઊંધો (૨)
૧૫. કુણુ, ઢીલુ (૩)
૧૬. અદૃશ્ય, અચાનક દેખાતું બંધ થાય તેને.... થઇ ગયું કહેવાય (૩)

### શબ્દાવલી ૫૫૪૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) વિવશતા (૪) અંજામ (૭) જોગણ (૮) અધમણ (૯) મમત્વ (૧૦) આચમન (૧૨) પ્રાસ (૧૩) ચમત્કાર (૧૫) માનદ (૧૭) મક્કાર (૧૮) નઇ (૨૦) નવ (૨૧) વાદ

**ઊભી ચાવી :-** (૧) વિજોગ (૨) વગ (૩) શણ (૪) અંધત્વ (૫) જામ (૬) મણકા (૮) અમનચમન (૯) મમ (૧૦) આસન (૧૧) સત્કાર (૧૨) પ્રામાણીક (૧૪) મક્કાઇ (૧૬) દર્શન (૧૯) પદ

## સ્વચ્છતાનું નિરીક્ષણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહિત જિલ્લાના વિવિધ સ્થળોએ સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. જે અંતર્ગત ગાંધીનગર શહેરમાં વિવિધ વિસ્તારોની સફાઈ ઝુંબેશને સાર્થક કરવા લાયઝન અધિકારીશ્રીઓની નિમંણુક કરવામાં આવી હતી. લાયઝન અધિકારીઓની દેખરેખ હેઠળ સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. આ સ્વચ્છતા ઝુંબેશ માત્ર એક દિવસ પૂરતી સિમીત ન રહી જાય, પણ કાયમી બની રહે તેવા ઉમદા આશયથી આજરોજ જિલ્લા -ભારી સચિવ શ્રી એમ.એસ.ડાગુર અને જિલ્લા કલેકટર શ્રી રવિશંકર સહિત જિલ્લાના વિરિષ્ઠ અધિકારીશ્રીઓની ટીમે ગાંધીનગર શહેરના વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી. ત્યાં પહેલા કેવી સ્થિતિ હતી, સફાઈ ઝુંબેશ બાદ કેવી સ્થિતિ થઈ હતી, સફાઈ ઝુંબેશના થોડાક દિવસો બાદ હાલ સ્વચ્છતાની કેવી પરિસ્થિતિ છે, તેની ચકાસણી કરી હતી.

આજે જિલ્લા -ભારી સચિવ શ્રી એમ.એસ. ડાગુર અને જિલ્લાના ઉચ્ચ અધિકારીશ્રીઓએ સરકીટ હાઉસથી જુના સચિવાલય આસપાસનો વિસ્તાર, માઉન્ટ કાર્મેલ સ્કુલની બહારનો વિસ્તાર, સેકટર-૨૧ વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ, સેકટર-૨૧ના જાહેર શૌચાલય અને ડિસ્ટ્રિકટ શોપીંગ સેન્ટર વિસ્તારની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન જયાં ગંદકી નજરે પડી ત્યાં તાત્કાલિક સ્વચ્છતાલક્ષી વાતાવરણ બનાવવા કડક સૂચના આપી હતી. માર્ગોમાં ઉભા થયેલા દબાણો, પડતર જમીન પરના દબાણો, પાટનગર યોજના ભવન તથા વન વિભાગની જમીન પરના દબાણો તાત્કાલિક અસરથી દૂર કરવાની કડક સૂચના પણ સંબંધિત અધિકારીશ્રીઓને આપી હતી.

આ ટીમે ગાંધીનગર સિવીલ હોસપિટલના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી. સિવીલના અમુક વિભાગની સફાઈ અને જરૂરી મરામત કરવાની ખાસ સૂચના આપી હતી.

તે ઉપરાંત જિલ્લા -ભારી સચિવ શ્રી એમ. એસ. ડાગુર, જિલ્લા કલેટકર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન, મ્યુનિસિપલ કમિશનર શ્રી જી.આર.ચૌધરી, નિવાસી અધિક કલેકટર શ્રી એમ.ડી.મોડિયા, નાયબ વન સંરક્ષકશ્રી અને કાર્યપાલક ઈજનેર શ્રી પંડયા વગેરેએ સહયોગ સંકુલની વિવિધ કચેરીઓની ઝીણવટભરી મુલાકાત લીધી હતી. વિવિધ કચેરીઓની મુલાકાત દરમ્યાન આ ટીમ દ્વારા કચેરીના અધિકારી-કર્મચારીઓના ટેબલની સાફ સફાઈ, ફાઈલોની ગોઠવણી, ઈલેકટ્રીક સાધનોની સફાઈ, બારીઓની સ્વચ્છતાની ખાસ ચકાસણી કરી હતી. આ ટીમ દ્વારા કચેરીઓની બારીઓ પાન-મસાલાની થુંકદાની ન બને તેની ખાસ તકેદારી રાખવા સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. તેમજ કચેરીનું રેકર્ડ વ્યવસ્થિત નિભાવવા, જુના ફર્નિચર અને અન્ય ચીજ વસ્તુઓના ત્વરિત નિકાલ કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ ઈલેક્ટ્રીક સાધનોની જાળવણી યોગ્ય થાય તેના માટે આસપાસ યોગ્ય સફાઈ અને અન્ય જરૂરી બાબતો પર સૂચનો કર્યા હતા.

## ટેકસીફોર શ્યોરનું ભાડું હવે રૂ. ૪૯ થી શરૂ થાય છે

### ટૂંકા અંતર માટે ઉપયોગને પ્રોત્સાહન આપવા આકર્ષક ભાડાં જાહેર

શહેરના પ્રવાસીઓ હવે ટેકસીફોર શ્યોરનાં નવાં ભાડાં સાથે આનંદસભર સવારી કરી શકશે. નવાં ભાડાં સાથે બ્રાન્ડ ભારતભરમાં પ્રથમ ૪ કિમી માટે રૂ. ૪૯ ના ભાડાં સાથે શરૂ કરતાં દરેક માટે એસી ટેકસીઓની આરામદાયક સવારી પુરી પાડશે. આ ભાડું દિવસ અને રાત્રિમાં પણ લાગુ છે. ટેકસી મોંઘી પડે છે અને લાંબા અંતર કે વિશેષ અવસરો માટે જ સારી એવી સામાન્ય લોકધારણાને ભૂંસી નાખવા માટે ટેકસીફોર શ્યોર ભાડાંની બાબતમાં ઉદ્યોગનાં ધોરણોમાં નવો દાખલો બેસાડવા માટે આ સાથે કટિબદ્ધ બની છે. ગ્રાહક અને બજારસહિત દરેકને નોંધ લેવડાવે એવું આ આક્રમક પગલું છે.

ભાડાંમાં આ ફેરફાર ગ્રાહકોએ આપેલી માહિતી અનેતેમની ૩ મિલિયન જેટલી સવારીના અનુભવ પરથી કરાયો છે. એમ કંપનીનાં ટોચનાં સૂત્રોએ જણાવ્યું હતું. આ વિશે સ્થાપક રઘુનંદન જી.એ. વધુમાં સમજાવ્યું હતું કે ટેક્સીઓ ટુંકા અંતર માટે મોંઘી પડે છે અને તેથી ગ્રાહકો પ્રવાસનું અન્ય માધ્યમ તરફ વળે છે. જે બુક કરવાની અને ઉપયોગ કરવાની ઝંઝટ માથે પડે છે. જોકે હવે અમે ભાડાં ઓછાં કર્યા હોવાથી લોકધારણા બદલાશે. શાળામાંથી બાળકોને લેવા જવું હોય. કરિયાણું ખરીદી કરવા જવું હોય કે નજીકના મોલમાં જવું હોય. મિત્રોને મળવા જવું હોય ત્યારે ઊંચા ભાડાંને લીધે લોકો સામાન્ય રીતે ટેક્સીનો વિકલ્પ વિચારતા નથી. જો કે હવે અમે રૂ. ૪૯ થી ભાડું શરૂ કરતાં તેમને નવો પરવડનારો અને સુવિધાજનક વિકલ્પ મળી રહેશે. ત્રણ આંકડા પરથી બે આંકડા પર કિંમત લાવવામાં આવી છે તે આ ઉચ્ચ સ્પર્ધાત્મક શ્રેણીમાં સંપૂર્ણ ગતિશીલતામાં કેટલું પરિવર્તન આવી રહ્યું છે તે બતાવે છે. આ પગલાને લીધે દરેકને હવે ટેકસી પરવડનારી સવારી બની રહેવાની છે.

## દિવાળીને રોશન કરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવાળીની રોશની સાથે કેક દ્વારા સૌનું મોં મીઠું કરાવી એમનાં ચહેરા પરના સ્મિત સાથે કંઈક સમાજ માટે કર્યાની ભાવનાથી તેઓ પોરસાયાં હતાં. નામ-ઠામ વગર ફરતાં આ યુવાનો પોતાનો પોકેટમની માંથી આ પ્રવૃત્તિ ચલાવે છે, થોડો ઘણો હજુ આર્થિક સહયોગ મળે તો નામની ઘેલછા વગર સમાજનાં છેવાડાનાં લોકોને દિવાળીનો ઝગમગાટ બતાવવાની ઈચ્છા ધરાવે છે.

ટચૂકડી જાહેર ખબર

**ભાડે આપવાનું છે**
સેકટર-૩ ન્યુ, પ્લોટ નં. ૪૩/૧, ગ-૧ નજીક, ગાંધીનગર
સંપર્ક નં. : ૨૩૨૪૩૯૦૨

**ડુપ્લેક્ષ વેચવાનું છે**
પેથાપુર ચાર રસ્તાથી ગાંધીનગર મેઈન હાઈવે, ૮૦ મીટરના અંતર નજીક, ફુલ ફર્નિચર સાથે મકાન વેચવાનું છે.
મો. નં. : ૯૭૧૪૧૦૯૧૦૮

## બઢતીના હુકમ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

| | | |
|---|---|---|
| પી.એન. ક્રિશ્ચિયન | સેક્શન અધિકારી<br>સામાન્ય વહીવટ વિભાગ | ઉપસચિવ<br>સામાન્ય વહીવટ વિભાગ |
| જી.વી. રામાણી | સેક્શન અધિકારી<br>ગુ.મુ.સે.ટ્રીબ્યુનલ | ઉપસચિવ<br>ગુ.મુ. સે. ટ્રીબ્યુનલ |
| એ.આર. બાબુ | સેક્શન અધિકારી<br>વન પર્યાવરણ વિભાગ | ઉપસચિવ<br>વન પર્યાવરણ વિભાગ |
| એ.એસ. બક્ષી | સેક્શન અધિકારી<br>ઉદ્યોગ ખાણ વિભાગ | ઉપસચિવ<br>આ.પ. કલ્યાણ વિભાગ |
| આર.ડી. મોદી | સેક્શન અધિકારી<br>મા. મ. વિભાગ | ઉપસચિવ<br>શિક્ષણ વિભાગ |
| પી. બી. ટેલર | સેક્શન અધિકારી<br>નાણા વિભાગ | ઉપસચિવ<br>ન.જ.પા.પુરવઠા વિભાગ |
| એ.આઈ. પટેલ | સેક્શન અધિકારી<br>ર.ગ.યુ.સાં. પ્રવૃત્તિ વિભાગ | ઉપસચિવ<br>શિક્ષણ વિભાગ |
| વી.વી. શ્રીમાંકર | સેક્શન અધિકારી<br>નાણા વિભાગ | ઉપસચિવ<br>નાણા વિભાગ |
| બી.એન. પંડ્યા | સેક્શન અધિકારી<br>નાણા વિભાગ | ઉપસચિવ<br>નાણા વિભાગ |
| એમ.કે. પટેલ | સેક્શન અધિકારી<br>મા.મ. વિભાગ | ઉપસચિવ<br>શિક્ષણ વિભાગ |
| જે.એચ. વૈષ્ણવ | સેક્શન અધિકારી<br>ગુ. તકેદારી આયોગ | ઉપસચિવ<br>નાણા વિભાગ |
| બી.બી. કારીયા | સેક્શન અધિકારી<br>નાણા વિભાગ | ઉપસચિવ<br>મુખ્યમંત્રી કાર્યાલય |
| કે.એ. સુમરા | સેક્શન અધિકારી<br>સ.સ.ન. નિગમ લિમિટેડ | ઉપસચિવ<br>ન.જ.પા. પુરવઠા વિભાગ |
| એચ.બી. અજમેરી | સેક્શન અધિકારી<br>વન પર્યાવરણ વિભાગ | ઉપસચિવ<br>વન પર્યાવરણ વિભાગ |
| વાય.બી. દવે | સેક્શન અધિકારી<br>સામાન્ય વહીવટ વિભાગ | ઉપસચિવ<br>ગૃહ વિભાગ |
| શ્રીમતી એસ.જે. કાપડીયા | સેક્શન અધિકારી<br>આ.પ.કલ્યાણ વિભાગ | ઉપસચિવ<br>કૃષી સહકાર વિભાગ |
| જે.પી. પટેલ | સેક્શન અધિકારી<br>સામાન્ય વહીવટ વિભાગ | ઉપસચિવ<br>સામાન્ય વહીવટ વિભાગ |
| શ્રીમતી એસ.એ. માણેક | સેક્શન અધિકારી<br>સામાન્ય વહીવટ વિભાગ | ઉપસચિવ<br>સામાન્ય વહીવટ વિભાગ |
| શ્રીમતી એ.બી. મુની | સેક્શન અધિકારી<br>કૃષી સહકાર વિભાગ | ઉપસચિવ<br>ઉદ્યોગ ખાણ વિભાગ |
| વી.એસ. ભટ્ટ | સેક્શન અધિકારી<br>સામાન્ય વહીવટ વિભાગ | ઉપસચિવ<br>સામાન્ય વહીવટ વિભાગ |